અપીલ અરજી નં.૧૫ર તા.ર૦–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતીઅધિકારી (રીક્રુટમેન્ટ)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.ર૧–૭–૦૯ ની અરજીથી રીક્રુટમેન્ટ વિભાગ ધ્વારા ૧૦ર ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદી પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી જે ના અનુસંધાનમાં પ્રસિધ્ધ પ્રતિક્ષાયાદીના ૧૦ર ડ્રાઈવરોની પસંદગી લાયકાત સાથેની સંપુર્ણ વિગત સાથેની માહિતીની પ્રતિક્ષાયાદીની સહી સિકકાવાળી નકલ મેળવવા બાબતની માહિતી.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.ર૦–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૫ર/ર૦૦૯–૧૦

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.ર૧–૭–૦૯ ની અરજીથી રીક્રુટમેન્ટ વિભાગ ધ્વારા ૧૦ર ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદી પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી જે ના અનુસંધાનમાં પ્રસિધ્ધ પ્રતિક્ષાયાદીના ૧૦ર ડ્રાઈવરોની પસંદગી લાયકાત સાથેની સંપુર્ણ વિગત સાથેની માહિતીની પ્રતિક્ષાયાદીની સહી સિકકાવાળી નકલ મેળવવા બાબતે પર્સોનલ ઓફિસર અને મદદનીશ જાહેર માહિતી અધિકારીના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૪ર૭ તા.૧૧–૮–૦૯થી મળેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.ર૦–૮–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૮૩ તા.ર–૯–૦૯ થી ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતીઅધિકારી (રીક્રુટમેન્ટ) તથા અરજદારને અપીલ નં.૧૧૦ થી તા.૧૮–૭–૦૯ ના રોજ કરેલ અપીલ અંગે થયેલ હુકમ સંદર્ભે નારાજગી બાબતે પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે અપીલ સાથે કે અપીલ તબકકે કોઈ વિગતો મળેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૫ર૮ તા.૧૧–૯–૦૯ ના રોજ પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ તથા અરજદારને આપેલ માહિતીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૪ર૭ તા.૧૧–૮–૦૯ ના પત્રની નકલ તથા આરપીએડી કર્યાની એકનોલેજમેન્ટ સ્લીપ રજૂ કરેલ છે.

અરજદારની તા.ર૧–૭–૦૯ ની અરજી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/ આર/૪ર૭ તા.૧૧–૮–૦૯ થી માહિતી પૂરી પાડવામાં આવેલ. જેના અનુસંધાને નારાજ થઈ ૧૦ર ડ્રાઈવરોની પસંદગીની લાયકાત સાથેની સંપૂર્ણ પ્રતિક્ષા યાદી પૂરી પાડવામાં આવેલ નથી એવું જણાવી માહિતી પૂરી પાડવામાં આવેલ નથી તેવી રજૂઆત કરી અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ લાયકાત સાથેની ડ્રાઈવરોના લાયસન્સ નંબર સાથેની પ્રતિક્ષાયાદીની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેમજ સદર માહિતી નં.પત્ર નં.જીએડી/ ઈએસટી/આર/ ૪૮૭ તા.૧–૯–૦૯ થી અપીલ અરજી નં.૧૧૦ તા.૧૮–૭–૦૯ ના રોજ સદર માહિતી અરજદારને પૂરી પડાયેલ છે. જે બાબતે અરજદારને અપીલ તબકકે પત્ર પાઠવ્યા છતાં તેની નારાજગી બાબતે કોઈ વિગતો મળેલ નથી. અરજદારે મુળ અરજીથી ૧૦ર ડ્રાઈવરોની પસંદગીની ચકાસણી સાથેની પ્રતિક્ષાયાદીની સહી સિકકાવાળી નકલ માંગેલ. જયારે અપીલ તબકકે જે પસંદગી, લાયકાતના આધારે કરવામાં આવેલી હોય તેની વિગત માંગેલ છે. જે મુળ અરજીથી અલાયદી છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.ર૧–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

***નં.આરટીઆઈસેલ/***
***તારીખ : –૯ –૦૯***

***ડાયરેકટર ઓફ પ્લાનીંગ***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***

(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી, (રીક્રુટમેન્ટ) ..... જાણ તથા અમલ માટે

(ર) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,